નવી બાબત ૨૦૧૮-૧૯

ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને શેરમુડી પેટે રૂ.૫૦૦.૦૦ લાખ ફાળવવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવક્રમાંક:સશપ/૧૦૨૦૧૮/ન.બા.૬૩/અ.૧

સચિવાલય, ગાંધીનગર

તા.૧૧/૦૪/૨૦૧૮

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૨૦/૦૧/૨૦૧૮નો પત્રક્રમાંક:વિ.જા.ક./બો.નિ./૨૦૧૭-૧૮/૧૧૪૧ થી ૪૨

ઠ રા વ:

ગુજરાત સરકારશ્રી દ્વારા વિભાગના તા.૩૦/૯/૨૦૧૭ના ઠરાવથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરેલ છે. આ નિગમ દ્વારા અનામત વર્ગો સિવાયના બિનઅનામત વર્ગો જેવા કે પાટીદાર, બ્રાહ્મણ, ક્ષત્રિય, વણિક, લોહાણા, સોની, ખમાર, મહેશ્વરી વગેરે જેવી અંદાજે ૫૮ જેટલી જ્ઞાતિઓના શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે આ નિગમને શેરમુડી ફાળવવા અંગે વંચાણે લીધેલ નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૨૦/૧/૨૦૧૮ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને શેરમુડી પેટે રૂ.૫૦૦.૦૦ લાખની નીચે જણાવેલ શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં-૯૨, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાકીય સહાય, પેટા સદર- ૦૨ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને શેરમુડી હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૩/૪/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ડો.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ